**INDIA NON JUDICIAL**

# Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ56347089416145P |
| Certificate Issued Date | : | 23-Oct-2017 04:10 PM |
| Account Reference | : | NONACC (BK)/ gjbmcbk09/ BHUJ/ GJ-BJ |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJBMCBK0963117194892194P |
| Purchased by | : | SHREE PUBLICITY |
| Description of Document | : | Article 5(h) Agreement (not otherwise provided for) |
| Description | : | AGREEMENT |
| Consideration Price (Rs.) | : | 0<br>(Zero) |
| First Party | : | SHREE PUBLICITY |
| Second Party | : | CHEAF OFFICER BHUJ NAGAR SEVA SADAN |
| Stamp Duty Paid By | : | SHREE PUBLICITY |
| Stamp Duty Amount(Rs.) | : | 4,200<br>(Four Thousand Two Hundred only) |

NOTARY V.R.BHEDA DIST. KACHCHH GUJARAT STATE Reg. No. 228 Exp. Date 24-4-2021 GOVT. OF INDIA

The Bhuj Mer. Co-op. Bank Ltd.

(V. R. BHEDA)
NOTARY
Distt Kachchh-Gujarat
(INDIA)

WN 0004776221

VOID VOID VOID VOID VOID

**Statutory Alert:**

1. The authenticity of this Stamp Certificate should be verified at "www.shcilestamp.com". Any discrepancy in the details on this Certificate and as available on the website renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

भारतीय गैर न्यायिक

एक सौ रुपये Rs. 100

रु. 100 ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT BD 703046

અનુક્રમ નંબર: ૩૭૨૬
તારીખ: ૨૩/૧૦/૧૭
ખરીદનારનું નામ: શ્રી પબ્લીસીટી
સ્ટેમ્પ પેપરની કિંમત: ૧૦૦
રાખનારની સહી.

વિક્રેતા અનં. ૭૭૬૨
સ્ટેમ્પ વેન્ડર,
ભુજ(કચ્છ)
લા.નં. ૫/૯૯

NOTARY V.R. BHEDA DIST. KACHCHH GUJARAT STATE Reg. No. 228 Exp. Date 24-1-2021 GOVT. OF INDIA

NOTARIAL FIVE RUPEES NOTARIAL

## એગ્રીમેન્ટ

આજરોજ વિક્રમ સવંત ૨૦૭૪ને અંગ્રેજી તારીખ ૨૪/૧૦/૨૦૧૭ ને મંગળવાના રોજ એક પક્ષે **શ્રી પબ્લીસીટી** નામની પ્રોપરાયટરી પેઢીના **ગોરધન આત્મારામ મોરીયાણી,** ઉ.વ: ૪૩ આ., ધંધો : વેપાર,ઠે. પ્લોટ નં. ૩૫૦, સેકટર નં. ૧–એ, ઓસ્લો સર્કલ પાસે, ગાંધીધામ–કચ્છ.(જેને આ કરાર મા સગવડતા ખાતર પ્રથમ પક્ષવાળા તરીકે સંબોધવામા આવશે) તથા બીજા પક્ષે શ્રી ભુજ નગરપાલીકા (ભુજ નગર સેવા સદન), ભુજ–કચ્છ મારફતે મુખ્ય અધિકારીશ્રી, શ્રી ભુજ નગરપાલિકા (ભુજ નગર સેવા સદન), ભુજ–કચ્છ.(જેને આ કરાર માં સગવડતા ખાતર બીજા પક્ષવાળા તરીકે સંબોધવામા આવશે)વચ્ચી નીચેની વિગતે અને શરતો આ કરાર કરી આપી પ્રથમ પક્ષ વાળા પોતાની સ્વેચ્છાએ આ કરારથી લખી આપી કબુલાત કરી અને બંધાય છે કે : ...૨...

For SHREE PUBLICITY
Propriator

(V. R. BHEDA)
NOTARY
Distt Kachchh-Gujarat
(INDIA)

૧).આ કામના પ્રથમ પક્ષ વાળાએ**શ્રી પબ્લીસીટી** પ્રોપરાયટરી પેઢી ઉપરોક્ત સરનામે ચલાવે છે.બીજા પક્ષ વાળાએ શ્રી ભુજ નગર પાલીકા (ભુજ નગર સેવા સદન)ના મુખ્ય અધિકારીના હોદાની રૂએ નીચે મુજબનો કરાર કરે છે.

૨) આ કામના બીજા પક્ષવાળાએ ભુજ શહેરના અલગ અલગ વિસ્તારોમાં હોર્ડીગ બોર્ડ લગાવવાના કામે બહાર પાડવામાં આવેલ ટેન્ડર બાબતે આ કામના પ્રથમ પક્ષ વાળા તરફથી ભરવામાં આવેલ ભાવ **રૂા. ૧,૨૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક કરોડ એકવીસ લાખ પૂરા)** ( ત્રિવાર્ષિક )એ સૌથી વધુ હોતા બીજા પક્ષ વાળાની તારીખ : ૨૩/૧૦/૨૦૧૭ ના રોજ કારોબારી સમિતીની મીટીગના ઠરાવ નંબર નં. ૨૨૧ મુજબ બીજા પક્ષવાળા અને તારીખ : ૨૪/૧૦/૨૦૧૭ ના જાવક નંબર નં. ૧૯૧૪ વાળા પત્રથી પ્રથમ પક્ષ વાળાને આ ટેન્ડર મંજુરી અંગે જાણ કરેલી છે.પ્રથમ પક્ષ વાળાને નીચેની શરતે નકકી થયેલ ત્રિવાર્ષિક ભાવ મુજબ અને શરતોને આધિન નગરપાલિકા વર્કઓર્ડર આપે તે મુજબ કામગીરી કરવાની રહેશે.

–: શરતો :–

૧) જાહેરાતના હોર્ડીગ બોર્ડનો સમયગાળો વર્કઓર્ડર મળ્યા પછીની તારીખથી ત્રણ વર્ષ માટેનો રહેશે.

૨) ઉપર જણાવ્યા મુજબના હોર્ડીગ્સ બોર્ડ અંગેના ભાવ **રૂા. ૨૦,૧૬,૬૬૬/– (અંકે રૂપિયા વીસ લાખ સોળ હજાર છસ્સો છાસઠ પૂરા)** એટલે કે વાર્ષિક **૫૦%** લેખે વાર્ષિક ધોરણે પ્રથમ પક્ષ વાળાને બીજા પક્ષ વાળાને ચુકવવાના રહેશે.

૩) પ્રથમ પક્ષવાળા એ બીજા પક્ષ વાળાને આ દરવર્ષે રકમ એ ૫૦%–૫૦% એમ બે ભાગમાં ચુકવવાની રહેશે જેમાં પ્રથમ **૫૦%** રકમ ભરપાઈ કરેથી આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર દ્વારા વર્ક ઓર્ડર આપવાનો રહેશે. જયારે બાકીની રહેતી ૫૦% રકમ **રૂા. ૨૦,૧૬,૬૬૬/– (અંકે રૂપિયા વીસ લાખ સોળ હજાર છસ્સો છાસઠ પૂરા)** પ્રથમ ૫૦% રકમ ભર્યાના છ માસ બાદ ભરપાઈ કરી આપવાની રહેશે.આ શરત એ દરેક વર્ષ માટે લાગુ પડશે.

૪) પ્રથમ પક્ષ વાળાએ બીજા પક્ષ દ્વારા નીચે મુજબની વિગતની જગ્યા પર નિયત થયેલ સંખ્યામાં જ હોર્ડીગ્સ બોર્ડ લગાવી શકશે.આ સીવાય અન્ય હોર્ડીગ્સ બોર્ડ લગાવવા ઈચ્છે તો તે બાબતે બીજા પક્ષ વાળાની લખેતીમાં પરવાનગી મેળવવાની રહેશે.

૫) ઉપરોકત મંજુર થયેલ લીસ્ટ મુજબ જગ્યા હોર્ડીગ્સ બોર્ડની જાળવણી/નિભાવણી કરવાની સઘળી જવાબદારી અમો પ્રથમ પક્ષવાળાની રહેશે.

૬) હોર્ડીગ્સ બોર્ડની સાઈઝ ૨૦x૧૦ ફુટની રાખવાની રહેશે. બેનર કોઈપણ સાઈઝનો બનાવી શકાશે.

૭) પ્રથમ પક્ષવાળાએ જાહેરાતના હોર્ડીગ્સ બોર્ડ ટ્રાફીક કે જાહેર જનતાને અડચણ રૂપ ન થાય તે રીતે લગાડવાના રહેશે.તેમ છતાં જો આવું કોઈ હોર્ડીગ્સ બોર્ડ નડતર રૂપ જણાશે તો પ્રથમ બીજા પક્ષ વાળા પ્રથમ પક્ષ વાળાને જાણ કરશે અને જો આ હોર્ડીગ્સ બોર્ડ પ્રથમ પક્ષ વાળા દ્વારા દુર કરવામાં ન આવે તો બીજા પક્ષ વાળા દ્વારા આ હોર્ડીગ્સ બોર્ડ દુર કરાવશે અને જેનો ખર્ચ પ્રથમ પક્ષવાળા પાસેથી વસુલ કરી શકશે.

ચીફ ઓફિસર
ભુજ નગર પાલીકા

For SHREE PUBLICITY
Proprietor

(V. R. BHEDA)
NOTARY
Distt Kachchh-Gujarat

૮) આ કરારનો સમય પૂર્ણ થયેથી પ્રથમ પક્ષ વાળાએ પોતાના સ્વ ખર્ચે તમામ હોર્ડીંગ્સ બોર્ડ દુર કરવાના રહેશે.

૯) પ્રથમ પક્ષવાળા જે હોર્ડીંગ્સ બોર્ડ અંગે આ કરાર કરે છે. તે કોઈ અન્યને કોન્ટ્રેક્ટ–સબ–લીઝ કે ટ્રાન્સફર તબદીલ કરી શકશે નહી.તેમ છતાં જો આવું કાંઈ બીજા પક્ષ વાળાની જાણમાં આવશે તો કોઈપણ જાતની પ્રથમ પક્ષવાળાને પૂર્વ નોટીસ આપ્યા વગર બીજા પક્ષવાળા આ કરાર રદ કરી શકશે. અને પ્રથમ પક્ષવાળાએ ભરપાઈ કરેલ રકમ બીજા પક્ષવાળા જપ્ત કરી શકશે.

૧૦) કુદરતી આફત કે અકસ્માતને કારણે બોર્ડને નુકશાન થાય આડાઅવડા થાય તો દિવસ ૭માં મૂળ સ્થિતિમાં કરવાના રહેશે.નિયત મુદતમાં મૂળ સ્થિતિમાં કરવામાં નહી આવે તો નગરપાલિકાદ્વારા કામગીરી કરવામાં આવશે અને થયેલ ખર્ચ અમારી પાસે થી વસુલ કરી શકશે.તેમજ કુદરતીઆફત ના કારણે હોર્ડીંગ્સ ના કારણે કોઈપણ પ્રકારની જાનહાનિ કે નુકશાન થાયતો તેની સંપૂર્ણ જવાબદારી અમારી રહેશે.આ માટે ભુજ નગરપાલિકા દાવો માંડવામાં આવશે નહી.

૧૧) હોર્ડીંગ્સ/બોર્ડસનો ઉપયોગ પ્રથમ પક્ષવાળા દ્વારા રાજકીય પ્રવૃતિ માટે ઉપયોગ કરી શકશે નહી.

૧૨) નગરપાલિકા દ્વારા મંજુર થયેલ નિયત સ્થળમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહી.

૧૩) સરકારશ્રીના સર્વિસ ટેક્ષ તેમજ અન્ય કોઈપણ ટેક્ષ ભરવાપાત્ર થશે તો મંજુર થયેલ ભાવો ઉપરાંત પેઢી કે સંસ્થાએ ટેક્ષ ભરવાનો રહેશે.

૧૪) હોર્ડીંગ્સ બોર્ડ પર પેઢીએ પોતાનું નામ અને નંબર લખાવાનો રહેશે.

૧૫) હોર્ડીંગ્સ બોર્ડ ઉપર રાજ્ય સરકારશ્રી/કેન્દ્ર સરકારશ્રી દ્વારા વખતોવખત પ્રતિબંધ આરોગ્ય ને હાનીરૂપ અશ્લિલ કે અન્ય રીતે વાંધાજનક કરે તેવી જાહેરાતો મૂકી શકાશે નહી.

૧૬) સરકારશ્રીના અથવા નગરપાલિકા દ્વારા સરકારી કાર્યક્રમ માટેના હોર્ડીંગ્સ લગાડી શકશે તે માટે કોઈપણ પ્રકારનું વળતર ચુકવવાનું રહેશે નહી.

૧૭) ૧૦૦ બોર્ડથી વધારાના હોર્ડીંગ્સ માટે મુખ્યઅધિકારીની લેખિત પરવાનગી મેળવવાની રહેશે.

૧૮) ટેન્ડર ભરનાર પાટી એ ગુમાસ્તાધારાનું પ્રમાણપત્ર તથા જી.એસ.ટી.નંબર તથા ત્રણ વર્ષનો અનુભવનું પ્રમાણપત્ર બિડાણ કરવાનું રહેશે.

૧૯) સરકારશ્રી કે નગરપાલિકા ના કાર્યક્રમ માટે ૧૦ હોર્ડિંગ્સ બોર્ડ ઉપરાંતના બોર્ડના ચાર્જીસ ભુજ નગરપાલિકા દ્વારા ચુકવવા પાત્ર થશે.

૨૦) ન્યાય ક્ષેત્ર ભુજ રહેશે.

NOTARY V.R.BHEDA DIST. KACHCHH GUJARAT GOVT. OF INDIA

(V. R. BHEDA,
NOTARY
Distt. Kachchh Gujarat

For SHREE PUBLICITY

ફોન નં. ૨૫૩૮૦૫,૨૫૩૮૦૬

# ભુજ નગરપાલિકા

ડૉ. જયંત ખત્રી માર્ગ,ભુજ–કચ્છ.

ભુનપા/જન.ટેક્ષ/હોર્ડિંગસ/ ૧૯૨૫ /૧૭ તા.૨૪/૧૦/૨૦૧૭

24 OCT 2017

પ્રતિ,
શ્રીપબ્લીસીટી,
પ્લોટનં.૩૫૦,સેકટર/૧એ,ઓસ્લોસર્કલ,
ગાંધીધામ– કચ્છ.

**વર્ક ઓર્ડર**

**વિષયઃ– હોર્ડીંગ્સ બોર્ડ લગાડવા બાબત.**

**સંદર્ભઃ– કારોબારી સમિતીના ઠરાવનં.૨૨૧ તા.૨૩/૧૦/૨૦૧૭**

જયભારત સાથે ઉપરોકત વિષય તેમજ સંદર્ભવાળા કારોબારી સમિતીના ઠરાવ અન્વયે ભુજ શહેરમાં જુદા જુદા વિસ્તારમાં હોર્ડીંગ્સ બોર્ડ લગાડવા કામે કુલ્લે ૩(ત્રણ)વર્ષ એટલે કે તા.૨૪/૧૦/૨૦૧૭ થી તા.૨૪/૧૦/૨૦૨૦ સુધી આપનો ત્રણ વર્ષ માટે ના રૂા.૧.૨૧,૦૦,૦૦૦/–(અંકે એક કરોડ એકવીસ લાખ રૂપિયા પુરા)ભાવો મંજુર થયેલ હોઈ ટેન્ડરો ની શરતોને આધિન તેમજ આજરોજ આપના તરફથી કરવામાં આવેલ કરાર મુજબ તેમજ કરારની શરતો મુજબ આપના તરફથી મંજુર થયેલા વાર્ષિક ભાવ પેટે રૂા.૨૦,૧૬,૬૬૬/–અંકે(વીસ લાખ સોળ હજાર છ સો છાસઠ પુરા) તા.૨૪/૧૦/૨૦૧૭ ના રોજ પહોંચ નં.૩૫૫૪૩ તા.૨૪/૧૦/૨૦૧૭ ના રોજ ભરપાઈ થયેલ હોઈ.હોર્ડીંગ્સ બોર્ડ લગાડવા અંગેની કામગીરી શરૂ કરવા આથી આપને વર્કઓર્ડર આપવામાં આવે છે.

**ચીફ ઓફીસર**
**ભુજ નગરપાલિકા**